ગુજરાતમિત્ર
# બારડોલી-વ્યારા-ભરૂચ



# વટારિયા સુગરમાં 'વહીવટ' કથળ્યો!

**ચાર** વર્ષથી કસ્ટોડિયન શાસન હેઠળ દબાયેલી મંડળીને મુક્ત કરવા રાજ્યપાલ સુધી પહોંચી ગુહાર

**6 લાખ** મેટ્રિક ટનથી ઘટીને ઉત્પાદન તળિયે, બિનઅનુભવી કમિટીના કારણે મંડળી આર્થિક સંકટમાં મુકાઈ



ભરૂચઃ વટારિયાની શ્રી ગણેશ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીનાં સભાસદ ખેડૂતોએ કલેક્ટરને લેખિત આવેદનપત્ર સુપરત કરી મંડળી પર નિયુક્ત કરાયેલી કસ્ટોડિયન કમિટીને તાત્કાલિક બરખાસ્ત કરી, નિષ્પક્ષ અને તાત્કાલિક ચૂંટણી યોજવા માંગ કરી છે. આ આવેદનપત્ર ગુજરાતના રાજ્યપાલને પણ મોકલી આપ્યું છે.

ખેડૂતોએ પોતાની અરજીમાં ઉલ્લેખ કર્યો છે કે, ગુજરાત સરકારે માર્ચ-2022માં ચુંટાયેલા વ્યવસ્થાપક મંડળને બરખાસ્ત કરીને કસ્ટોડિયન કમિટી નિયુક્ત કરી હતી. ગુજરાત સહકારી અધિનિયમ, 1961ની કલમ 74-ડી મુજબ આવી વ્યવસ્થા માત્ર તાત્કાલિક અને મર્યાદિત સમયગાળા માટે હોઈ શકે છે, પરંતુ લગભગ ચાર વર્ષ વીતી ગયા છતાં ચૂંટણી યોજવામાં આવી નથી. ખેડૂતોએ આને સહકારી લોકશાહીનો ભંગ ગણાવ્યો છે.

પ્રારંભમાં જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ)ને કસ્ટોડિયન કમિટીના વડા તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં કમિટીની પુનઃ રચના કરી રાજકીય પ્રેરિત અને બિનઅનુભવી સભ્યોનો સમાવેશ કરાયો અને જિલ્લા રજિસ્ટ્રારને દૂર કરાયા હતા. ત્યારથી મંડળીનો વહીવટ બિનઅનુભવી તત્વો દ્વારા સંચાલિત થઈ રહ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કસ્ટોડિયન કમિટીના કાર્યકાળ દરમિયાન મંડળીની કામગીરીમાં ભારે ઘટાડો થયો હોવાનું સભાસદ ખેડૂતોએ જણાવ્યું છે. ચુંટાયેલા વ્યવસ્થાપક મંડળના સમયમાં દૈનિક શેરડી પિલાણ ક્ષમતા આશરે 4000 મે.ટન અને વાર્ષિક પિલાણ 6 લાખ મે.ટન હતું, પરંતુ હાલમાં તે ઘટીને માત્ર દૈનિક 2000 મે.ટન થઈ ગયું છે. આના કારણે ઉત્પાદનમાં ઘટાડો, ખર્ચમાં વધારો અને મંડળી પર ભારે આર્થિક ભારણ સર્જાયું છે. ખેડૂતો અને કાપણી મજૂરોને ચૂકવણી માટે વલખાં મારવા પડે છે, જ્યારે કર્મચારીઓને પગાર પણ ચૂકવવામાં આવતો નથી. કમિટી સામે મજૂરો અને વેપારીઓએ પોલીસમાં જાણવા જોગ ફરિયાદો કરી છે,

ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો આ સ્થિતિ યથાવત રહેશે તો સુગર ફેક્ટરીને તાળાં વાગી જશે. જે હજારો ખેડૂત સભાસદોના આર્થિક અને સામાજિક જીવન પર ગંભીર અસર કરશે. આ અગાઉ પણ વિવિધ સત્તાવાળાઓ સમક્ષ રજૂઆતો કરવામાં આવી હોવા છતાં કોઈ અસરકારક પગલાં ન લેવાયા હોવાનું અરજીમાં જણાવાયું છે.

સભાસદ ખેડૂતોએ રાજ્યપાલ સમક્ષ કરેલી મુખ્ય માંગણીઓમાં હાલની કસ્ટોડિયન કમિટીને તાત્કાલિક બરખાસ્ત કરવામાં આવે, ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી વચગાળાની વ્યવસ્થા તરીકે જિલ્લા રજિસ્ટ્રાર અથવા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક મારફતે અનુભવી અધિકારીની નિમણૂક કરવામાં આવે, અધિનિયમ મુજબ તાત્કાલિક અને નિષ્પક્ષ ચૂંટણી યોજવામાં આવે અને સભાસદો દ્વારા ચુંટાયેલા લોકશાહી આધારિત વ્યવસ્થાપક મંડળ સ્થાપિત કરવામાં આવે તેનો સમાવેશ થાય છે. આ આવેદનપત્રમાં જિલ્લા કિશાન સંઘ (સહકારી સંઘ)ના વિભાગીય પ્રમુખ નટવરસિંહ સોલંકી, રાકેશભાઈ સાયણીયા, સુરેન્દ્રસિંહ અટોદરીયા, દિલીપસિંહ અટોદરીયા, રાજુભાઈ માંગરોલા, બળવંતસિંહ બોરસિયા સહિત ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

# ઈદ પર્વે નભમાંથી રૂપિયાનો વરસાદ: ગરીબોની પડાપડી

**અંકલેશ્વરના** દઢાલના એનઆરઆઈ સામાજિક કાર્યકરનો વિવાદિત વિડીયો વાયરલ



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં રહેતા અને હાલમાં અમેરિકા સ્થાયી થયેલા એક એનઆરઆઈ સામાજિક કાર્યકર સાથે જોડાયેલો વિવાદિત વિડીયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. વિડીયોમાં "પાંચભાયા પરિવાર" તરીકે ઓળખાતા પરિવારના સભ્યો ઘરના પ્રથમ માળની બારીમાંથી નોટો ઉડાવતા નજરે પડે છે.

આ ઘટનામાં ખાસ કરીને ગરીબ અને સ્થાનિક લોકો પૈસા મેળવવા માટે પડાપડી કરતા દેખાઈ રહ્યા છે, જે દૃશ્યોને લઈને સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી હતી. કેટલાક લોકો આ કૃત્યને દાનનો અલગ અંદાજ ગણાવી રહ્યા છે, જ્યારે અન્ય લોકો તેને ગેરજવાબદાર અને અપમાનજનક ગણાવી રહ્યા છે. માહિતી મુજબ વાયરલ થયેલો વિડીયો ઈદના સમયનો હોવાનું અનુમાન કરવામાં આવી રહ્યું છે. જો કે, આ અંગે સત્તાવાર પુષ્ટિ હજી સુધી થઈ નથી. પાંચભાયા પરિવાર અંકલેશ્વરમાં વૈભવી જીવનશૈલી સાથે સાથે સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓ માટે જાણીતો રહ્યો છે. તેમ છતાં આ વિડીયો સામે આવતાં ચર્ચા અને વિવાદનો માહોલ સર્જાયો છે. હાલ આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ વિડીયો વાયરલ થતાં સ્થાનિક સ્તરે ચર્ચાનો વિષય બન્યો છે.

# બારડોલીની BABS હાઈસ્કૂલના શિક્ષકોની પગાર મુદ્દે હડતાળ

**હજારો** વિદ્યાર્થીઓનું શિક્ષણ જોખમાયું



બારડોલીઃ સુરત જિલ્લાની પ્રતિષ્ઠિત BABS હાઈસ્કૂલમાં સંચાલકો વચ્ચેના આંતરિક ગજગ્રાહનો ભોગ નિર્દોષ શિક્ષકો અને વિદ્યાર્થીઓ બની રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનાથી પગાર ન મળતાં રોષે ભરાયેલા ૧૩૬ શિક્ષક અને કર્મચારીઓએ સોમવારથી શાળાના મુખ્ય પ્રવેશદ્વાર પાસે ધરણા યોજી સૂત્રોચ્ચાર સાથે આંદોલન છેડ્યું છે. સંચાલક મંડળનાં બે જૂથો વચ્ચેના વિવાદને કારણે શૈક્ષણિક કાર્ય સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતાં આગામી પરીક્ષાઓને લઈને ૩૦૦૦થી વધુ વિદ્યાર્થીઓના ભવિષ્ય પર પ્રશ્નાર્થ ચિહ્ન મુકાયું છે.

શિક્ષકોના જણાવ્યા અનુસાર ઓક્ટોબર મહિનાથી તેમનો PF (પ્રોવિડન્ટ ફંડ) જમા થયો નથી અને છેલ્લા ત્રણ માસથી વેતન પણ અટકાવી દેવામાં આવ્યું છે. આર્થિક સંકડામણ અનુભવી રહેલા કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે સંચાલકોના સત્તાના જંગ સાથે તેમને કોઈ લેવાદેવા નથી, તેમની એકમાત્ર માંગ સમયસર પગાર ચૂકવવાની છે. જો માર્ચ અંત સુધીમાં PFની વિસંગતતા દૂર નહીં થાય તો કર્મચારીઓને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવશે તેવી ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

બીજી તરફ સંચાલક મંડળનો વિવાદ હવે કાયદાકીય ગૂંચમાં ફસાયો છે. સોમવારે ચેરિટી કમિશનરની કચેરીમાંથી બે નિરીક્ષકની ટીમ ચૂંટણી સાહિત્યની તપાસ માટે શાળાએ પહોંચી હતી, જેમાં દેવર્ષી જોશી અને અજય અધ્વર્યુના જૂથે અગાઉ ચૂંટણી થઈ ગઈ હોવાનું જણાવી સાહિત્ય આપવાનો ઇનકાર કર્યો હતો, જ્યારે હસુભાઈ પટેલ અને વ્યોમ પાઠકના જૂથે જરૂરી દસ્તાવેજો રજૂ કર્યા હતા.

### અંતે બંને પક્ષ પગાર મુદ્દે સહમત થયા

દિવસભર ચાલેલી ખેંચતાણ બાદ મોડી સાંજે વિદ્યાર્થીઓના હિતમાં એક રાહતના સમાચાર સામે આવ્યા છે. બંને પક્ષ કર્મચારીઓના પગાર મુદ્દે સહમત થયા છે, જેના પગલે સીઝ કરવામાં આવેલાં બેંક ખાતાંને માત્ર પગારની લેવડદેવડ માટે ફરી કાર્યરત કરવાનો નિર્ણય લેવાયો છે. જો કે, જ્યાં સુધી હાથમાં પગાર નહીં આવે ત્યાં સુધી શિક્ષકોમાં છૂપો રોષ જોવા મળી રહ્યો છે. હવે જોવાનું એ રહે છે કે વહીવટી તંત્ર આ વિવાદનો કાયમી ઉકેલ ક્યારે લાવે છે.



હિતેશ પટેલ

# ૨૧૦ ટીમનો ક્રિકેટ મહાકુંભ ગોદાવડી ટીમ ચેમ્પિયન

**૪૫ દિવસ** ચાલેલી ઐતિહાસિક ડે-નાઇટ ટુર્નામેન્ટમાં અમલસાડી ઇલેવન રનર્સઅપ

માંડવીઃ માંડવી વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના નેતૃત્વ હેઠળ ભવ્ય ડે-નાઈટ ગ્રામ્ય ક્રિકેટ ટુર્નામેન્ટનું શાનદાર સમાપન થયું છે.

સતત ૪૫ દિવસ સુધી ભારે ઉત્સાહ અને ઉમંગ વચ્ચે યોજાયેલા આ ઐતિહાસિક ક્રિકેટ મહાકુંભમાં સ્થાનિક કક્ષાની કુલ ૨૧૦ જેટલી ટીમોએ ભાગ લીધો હતો. આ વિશાળ ટુર્નામેન્ટની હાઈવોલ્ટેજ ફાઈનલ મેચ 'ગોદાવડી ઈલેવન' અને 'અમલસાડી ઈલેવન' વચ્ચે અત્યંત રોમાંચક માહોલમાં રમાઈ હતી. ભારે રસાકસી બાદ ગોદાવડી ઈલેવને શાનદાર પ્રદર્શન કરી વિજય મેળવ્યો હતો અને ટુર્નામેન્ટનું ટાઈટલ પોતાના નામે કર્યું હતું. જ્યારે અમલસાડી ઈલેવન રનર્સઅપ રહી હતી. ફાઈનલ મેચના અંતે યોજાયેલા ઈનામ વિતરણ સમારોહમાં ધારાસભ્ય કુંવરજીભાઈ હળપતિના હસ્તે વિજેતા ટીમ 'ગોદાવડી ઈલેવન'ને રૂ. ૧,૧૧,૧૧૧નો માતબર રોકડ પુરસ્કાર અને આકર્ષક ટ્રોફી એનાયત કરી સન્માનિત કરવામાં આવી હતી.

ઉપરાંત રનર્સઅપ રહેલી 'અમલસાડી ઈલેવન'ને પણ રૂ.૫૧,૧૧૧ના રોકડ ઈનામ અને ટ્રોફી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં.

# ભરૂચમાં અંગત અદાવતમાં યુવક પર જાહેરમાં હુમલો

ભરૂચઃ ભરૂચના કુવાદર ગામમાં અનુસૂચિત જાતિના યુવક પર જાહેરમાં હુમલો કરી મારમાર કરાયાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનાએ ગામમાં તણાવ સર્જ્યો છે. જ્યારે પોલીસની નબળી કામગીરી સામે સ્થાનિકોમાં નારાજગી ઊભી થઈ છે. કુવાદર ગામના મયુર જગદીશભાઈ પરમાર નામના યુવક પર અન્ય વ્યક્તિઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલો અંગત અદાવતને લઈને થયાનું સામે આવ્યું છે. સામાન્ય બોલાચાલી દરમિયાન વાતાવરણ ઉગ્ર બનતાં જ આરોપીઓએ યુવક પર હુમલો કરી દીધો હતો. પીડિત પક્ષે નારાજગી વ્યક્ત કહ્યું હતું કે, આ પ્રકારની ઘટના ગામમાં પ્રથમ વખત બની નથી. અગાઉ પણ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી, પરંતુ નબીપુર પોલીસ દ્વારા હજુ સુધી કોઈ કડક કાર્યવાહી કરવામાં આવી નથી એવી વેદના ઠાલવી હતી. ઘટના બાદ ગામમાં ભય અને રોષનો માહોલ સર્જાયો છે. સ્થાનિક લોકોએ હુમલાખોરો સામે તાત્કાલિક કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નેત્રંગ અને વાલિયામાં સોલાર કેબલ ચોરી કરનાર ઝડપાયો



ભરૂચ, નેત્રંગ: ભરૂચ SOG નાસતા ફરતા અને વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવાની કામગીરી અંગે પેટ્રોલિંગ કરી રહી હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે જાણવા મળ્યું હતું કે છેલ્લા એક મહિનાથી નેત્રંગ પોલીસ સ્ટેશનના 5 અને વાલિયા પોલીસ સ્ટેશનના 4 મળીને કુલ 9 જેટલા સોલર કેબલ ચોરીના ગુનામાં સંડોવાયેલો વોન્ટેડ આરોપી સુરત જિલ્લાના માંગરોળ તાલુકાના મોસાલી ચોકડી ખાતે હાજર છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી.ની ટીમે ઘટના સ્થળે પહોંચીને તપાસ કરતાં આરોપી પારસમલ સવઈરામજી ગુજ્જર મળી આવ્યો હતો. આરોપી મૂળ રાજસ્થાનના ભીલવાડાના રાયપુરના ભીટા ગામનો વતની છે અને હાલમાં તે માંગરોળના મોસાલી ખાતે નવી નગરીમાં રહે છે. કેબલચોર પારસમલની અટકાયત કરીકાર્યવાહી માટે તેને વાલિયા પોલીસ સ્ટેશનમાં સોંપી દીધો હતો.

### ભોલાવમાં પુત્ર યુવતી સાથે ભાગી જતાં સફાઈ સુપરવાઇઝર પર પાવડાથી હુમલો

ભરૂચ: ભોલાવ પુત્રના ભાગી જવાનાં પ્રકરણમાં બે શખ્સે સફાઈ સુપરવાઇઝર પર પાવડા વડે હુમલો કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી આપી હતી. ભોલાવ ગામે નિશાળ પાસે ઝૂપડપટ્ટીમાં રહેતા નસીરુદ્દીન નાઝીમુદ્દીન શેખ ભોલાવ ગ્રામ પંચાયતમાં સફાઈ સુપરવાઇઝર તરીકે કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. ગત રાત્રે, તા.22 માર્ચે સાંજે આઠ વાગ્યે તેઓ મજૂરો સાથે વૈકુંઠ એપાર્ટમેન્ટ, ભોલાવ નજીક સફાઈ કરાવી રહ્યા હતા. દરમિયાન તેઓ અન્ય સુપરવાઇઝર સાથે વાત કરી રહ્યા હતા, ત્યારે મહેન્દ્ર સોમાભાઈ વસાવા અને રાહુલ રાજુભાઈ પટેલ નામના બે શખ્સ ત્યાં આવ્યા હતા. મહેન્દ્ર વસાવાએ નજીકમાં પડેલા ટ્રેક્ટરમાંથી પાવડો લઈ આવી તેમને અપશબ્દો કહીને હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીએ પોતાનો ડાબો હાથ આડો કરતાં પાવડો તેમની કોણીના ભાગતા ઈજા થઇ હતી. તેઓ ભાગવા લાગ્યા ત્યારે બંને આરોપીએ ગાળો બોલતાં તેમનો પીછો કર્યો અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને લઈને ભરૂચ સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ હુમલા પ્રકરણમાં ઈજાગ્રસ્ત નસીરુદ્દીન શેખનો દીકરો મોહમ્મદ મુસાઈદ લગભગ એક મહિના પહેલા ભોલાવમાંથી એક યુવતી સાથે ભાગી ગયા બાદ હજુ સુધી પરત આવ્યો નથી તેની રીસ રાખીને આરોપીઓએ આ ઝઘડો કર્યો હતો. આ બાબતે ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બંને ઈસમ સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

### જોધપુરમાં 'લોકાનુરંજન મેળો-૨૦૨૬'માં બારડોલીનાં કલાકારોનું લોકનૃત્ય



બારડોલી : રાજસ્થાન સંગીત નાટક અકાદમી, જોધપુર દ્વારા આયોજિત રાજસ્થાન દિવસના ભવ્ય અવસર પર 'લોકાનુરંજન મેળો-૨૦૨૬'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ સાંસ્કૃતિક મંચ પર બારડોલીના કલાકારોએ પોતાની કળાના કામણ પાથર્યા હતા. ત્વિષા વ્યાસ અને તેમના ગ્રુપ દ્વારા રજૂ કરવામાં આવેલ ગુજરાતી લોકનૃત્ય અને ભરતનાટ્યમની પ્રભાવશાળી પ્રસ્તુતિએ ઉપસ્થિત કલાપ્રેમીઓના દિલ જીતી લીધા હતા. આ ગ્રુપમાં નીલમ, રાધા, કેશવી, તનિષ્કા, અમીષા, ધ્રુવી, અન્વેષા અને માહી જેવી પ્રતિભાશાળી યુવા કલાકારોએ શિસ્તબદ્ધ અને મનોહર નૃત્ય રજૂ કરી ગુજરાતની સંસ્કૃતિને ગૌરવ અપાવ્યું હતું.

### કામરેજ સુગર ફેક્ટરીમાં ઈથેનોલ પ્લાન્ટમાં આગની 'મોકડ્રીલ' યોજાઈ



વિશાલ પટેલ

કામરેજ: કામરેજના નવી પારડી ખાતે આવેલી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીમાં ઈથેનોલ ટેન્કરમાં આગ લાગવાની ઓફ-સાઈટ ઈમરજન્સી મોકડ્રીલ યોજાઈ હતી. સેફ્ટી ટીમ, ફાયર બ્રિગેડ અને પોલીસ સહિતની એજન્સીઓએ સંયુક્ત રીતે 45 મિનિટમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. આ પ્રસંગે પ્રાંત અધિકારી, મામલતદાર અને સંસ્થાના ચેરમેન હાજર રહ્યા હતા. આપત્તિ સમયે તંત્રની સજ્જતા ચકાસવા આ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

# વાગરાના જોલવા પાસે હિટ એન્ડ રનની ઘટનામાં યુવાનનું મોત

ભરૂચઃ વાગરાના જોલવા પાસે આવેલા પેટ્રોલ પંપ નજીક ગત 22મી તારીખે રાત્રિના સમયે હિચ એન્જ રનની ઘટના બની હતી. વાગરાના રવિ કોમ્પ્લેક્સમાં રહેતો અને હાર્કોસ કંપનીમાં લિફ્ટ ઓપરેટર તરીકે ફરજ બજાવતો 22 વર્ષીય રાહુલ (મૂળ રહે., ઉત્તરપ્રદેશ) નોકરી પૂરી કરી બાઈક પર પરત ફરી રહ્યો હતો. આ દરમિયાન કોઈ અજાણ્યા વાહનચાલકે તેની મોટરસાઈકલને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં રાહુલને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# પલસાણામાં નહેરમાંથી નવજાત બાળકીનું ભ્રૂણ મળી આવ્યું

પલસાણાઃ પલસાણા પોલીસ મથકની હદમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. રવિવાર, ૨૨ માર્ચ ૨૦૨૬ના રોજ પલસાણા ગામની નહેરમાંથી એક નવજાત બાળકીનું મૃત ભ્રૂણ મળી આવતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ પલસાણામાં મેઘાપ્લાઝા સામે આવેલી કનકશ્રી રેસિડેન્સી પાસેની નહેરમાં, જે કણાવથી ઈટાળવા તરફ જાય છે, ત્યાં વહેતા પાણીમાં એક નવજાત બાળકીનું ભ્રૂણ તરતું જોવા મળ્યું હતું. આશરે સવારે ૧૧:૩૦ વાગ્યાની આસપાસ નહેરમાં નાહતા નાના બાળકોની નજર આ ભ્રૂણ પર પડતા તેઓએ તેને પાણીમાંથી બહાર કાઢી બાજુ પર મૂક્યું હતું. ઘટનાની જાણ થતા જ સ્થાનિક રહીશ શમશેરસિંગ વિજય સિંગ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. તપાસ કરતા નવજાત બાળકીનું ભ્રૂણ મૃત હાલતમાં મળી આવ્યું હતું. આસપાસમાં કોઈ વાલીવારસની ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરવામાં આવી હતી. પલસાણા પોલીસે ઘટના સ્થળે પહોંચી ભ્રૂણને કબજે કરી પલસાણા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યું હતું. પ્રાથમિક દૃષ્ટિએ કોઈ અજાણી વ્યક્તિએ પોતાના પાપને છુપાવવા અથવા બાળકના જન્મની ઓળખ છુપાવવાના ઈરાદે આ નવજાત ભ્રૂણને બિનવારસી હાલતમાં ત્યજી દીધું હોવાનું જણાઈ રહ્યું છે. પોલીસે આ મામલે અજાણી વ્યક્તિ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની વધુ તપાસ આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર ચન્દ્રદીપ રાજારામ પાટીલ ચલાવી રહ્યા છે.



# મુલદમાં સ્થાનિક ટ્રકો પાસેથી ટોલ વસૂલાતાં વિવાદ વકર્યો

**ટ્રાન્સપોર્ટરોએ** દેખાવ કર્યો, બે દિવસની મહેતલ મળી

ભરૂચઃ ભરૂચના મુલદ ટોલપ્લાઝા પર એજન્સી બદલાતાં સ્થાનિક ટ્રકો પાસેથી રોજના રૂ.50 ટોલ લેવાનું ફરમાન બહાર પાડવામાં આવતાં રવિવારે ટ્રાન્સપોર્ટરોએ ટોલપ્લાઝા ખાતે પહોંચીને દેખાવો કર્યા હતા. આ ઘટનાથી ફરી એકવાર ટોલ વિવાદ સામે આવ્યો છે.

ટોલનાકાની એજન્સી બદલાયા બાદથી સ્થાનિક ટ્રકોને પણ ટોલમાંથી મુક્તિ ન આપવાનો નિર્ણય લેવાતાં ટ્રાન્સપોર્ટરોમાં રોષ વ્યાપ્યો હતો. હાલમાં ટ્રાન્સપોર્ટરોએ સાંસદ દિલ્હીમાં હોવાથી તેમને રજૂઆત કરવા માટે બે દિવસની મહેતલ માંગી હતી. ટ્રાન્સપોર્ટરોની માગણીને ગ્રાહ્ય રાખી એજન્સીએ બે દિવસ સુધી સ્થાનિક (જીજે-16 પાર્સિંગ)ની ટ્રકોને ટોલમાંથી મુક્તિ આપી છે. ભરૂચ જિલ્લા ટ્રાન્સપોર્ટ એસોસિએશનના અગ્રણી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, ટોલનાકાની 20 કિલોમીટરની ત્રિજ્યામાં આવતાં વિસ્તારોના વાહનોને ટોલમાંથી મુક્તિ આપવામાં આવે છે. મુલદ ટોલપ્લાઝા ખાતે નવી એજન્સી આવ્યા બાદ ટોલ લેવાની વાત કરે છે. એક ટ્રકના 3થી 4 હજારનો ટોલ પોસાઈ તેમ નથી. આ મામલે અમે ચૂંટાયેલા પ્રતિનિધિઓને રજૂઆત કરવાના છીએ.

મુલદ ટોલપ્લાઝા ખાતેથી 4થી 5 હજાર જેટલી સ્થાનિક ટ્રકો પસાર થતી હોય છે. દોઢ વર્ષ પહેલાં સ્થાનિક ટ્રકોને ટોલમાંથી મુક્તિ આપવા માટે આંદોલન બાદ ટોલમાંથી મુક્તિ આપવામાં આવી હતી, પરંતુ હવે એજન્સી બદલાઈ જતાં ફરીથી ટોલ વિવાદ થયો છે. ટ્રાન્સપોર્ટરો સાંસદ સહિતના પ્રતિનિધિઓને મળીને આ મુદ્દે વાત કરશે તેમ જણાવાયું છે.

# કોસંબામાં માછલી પકડવા ગયેલા યુવાનની લાશ મળી

હથોડાઃ જૂના કોસંબામાં તળાવના કિનારે માછલી પકડવા ગયેલા એક યુવાનનો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર મચી ગઈ છે. મૂળ ઉમરપાડાના ચીમી પાતળ ગામના વતની અને હાલ જૂના કોસંબા જકાતનાકા પાસે રહેતા 40 વર્ષીય જગદીશભાઈ છત્રસિંહ વસાવા ગતરોજ માછલી પકડવા ગયા હતા. દરમિયાન અગમ્ય કારણોસર તેમનો મૃતદેહ તળાવ કિનારેથી મળી આવ્યો હતો. ઘટનાની જાણ થતા કોસંબા ટાઉન પોલીસના જમાદાર અશોકભાઈએ સ્થળ પર પહોંચી લાશનો કબજો મેળવ્યો હતો. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઝાડેશ્વરમાં બંધ મકાનમાં ચોરી

ભરૂચઃ ઝાડેશ્વર તુલસીધામ શાકમાર્કેટ નજીક રહેતા નિરંજનભાઈ મહેતા તેમની પત્ની સાથે 20 માર્ચના રોજ અમદાવાદ એક મરણ પ્રસંગે ગયા હતા. ત્યારે તેમનું મકાન બંધ હતું. આ તકનો લાભ લઈ ચોરો મુખ્ય દરવાજાનો નકૂચો તોડ્યા બાદ કબાટ તોડી 22 કેરેટ સોનાની આશરે 10 ગ્રામ ચેઈન, 2 ગ્રામ પેન્ડલ અને રૂ. 25,000 રોકડ સહિતનો કુલ રૂ.1,84,306નો મુદ્દામાલ ચોરી ગયા હતા. 21 માર્ચે સાંજે જ્યારે મહેતા દંપતી ઘરે પરત ફર્યુ ત્યારે મકાનમાં તોડફોડ અને સામાન વેરવિખેર જોયો હતો. તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમને જાણ કરાતાં સી ડિવિઝન પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી આસપાસનાં સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોની શોધખોળ આદરી છે.